૧૯૩

રાજ્યનાં આંગણવાડી કાર્યકરો, તેડાગરો અને મીની આંગણવાડી કાર્યકરોને માનદવેતનમાં વધારો કરવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૬/૨૧૭૬/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૩-૧૦-૨૦૧૭

સંદર્ભ:-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર ના તા.૧-૮-૨૦૧૪ ના ઠરાવ ક્ર: આઇસીડી/૧૧૨૦૧૪/૩૮૪૫/બ

(૨) તા.૧/૪/૨૦૧૭ના વિભાગનો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની તા.૨૩/૧૦/૧૭ની સીંગલ ફાઇલ.

ઠરાવ:-

ગુજરાત રાજ્યમાં મંજુર ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકરો, તેડાગરો અને મીની આંગણવાડી કાર્યકરો તેઓની સેવાઓ માનદવેતનથી બજાવે છે. હાલમાં આંગણવાડી કાર્યકરોને ભારત સરકારની જોગવાઇ મુજબ માસિક રૂ.૩૦૦૦/+ રાજ્ય સરકારનાં ૧૦૦% સ્ટેટ બર્ડન હેઠળ માસિક રૂ.૨૫૦૦/-, મળીને કુલ રૂ.૫૫૦૦/-, તેડાગરોને ભારત સરકારની જોગવાઇ અનુસાર માસિક રૂ.૧૫૦૦/+રાજ્ય સરકારનાં ૧૦૦ % સ્ટેટ બર્ડન હેઠળ માસિક રૂ.૧૩૦૦/-મળીને કુલ રૂ. ૨૮૦૦/- અને મીની આંગણવાડી કાર્યકરોને ભારત સરકારની જોગવાઇ મુજબ માસિક રૂ.૨૨૫૦/-+ રાજ્ય સરકારનાં ૧૦૦ % સ્ટેટ બર્ડન હેઠળ માસિક રૂ. ૯૫૦/- મળીને માસિક કુલ રૂ. ૩૨૦૦/- માનદવેતન ચુકવવામાં આવે છે.

આ માનદવેતનથી ફરજ બજાવતાં કાર્યકરોએ ગ્રામ્ય/આદિજાતિ/શહેરી સ્લમ/અંતરિયાળ/દુર્ગમ વિસ્તારોમાં મહિલાઓ અને બાળકોનાં પોષણસ્તરને ઉપર લાવવાની ઘણી અગત્યની કામગીરી બજાવવાની હોય છે. રાજ્યના આંગણવાડી કાર્યકર, તેડાગર, તથા મીની આંગણવાડી વર્કર ને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી

રાજ્યનાં આંગણવાડી કેન્દ્રોમાં માનદવેતનથી ફરજ બજાવતાં કાર્યકરો/તેડાગરો અને મીની આંગણવાડી કાર્યકરો માટે રાજ્યનાં પ્લાન સદરે આંગણવાડી કાર્યકરોને માસિક રૂ.૮૦૦/- તેડાગરોને માસિક રૂ.૪૦૦/- અને મીની આંગણવાડી કાર્યકરોને માસિક રૂ.૪૦૦/- નો વધારો કરવાનું સરકારશ્રીની વિચારણામાં હતું. પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકારે તા.૧-૧૦-૨૦૧૭ થી નીચે મુજબ માનદવેતનમાં વધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| | હાલનું માનદવેતન (માસિક) | માનદવેતનમાં મંજૂર થયેલ વધારો (માસિક) | ૧/૧૦/૨૦૧૭ થી મળવાપાત્ર થતું માનદવેતન (માસિક) |
|---|---|---|---|
| આંગણવાડી કાર્યકર | રૂ. ૫૫૦૦/- | રૂ.૮૦૦/- | રૂ.૬૩૦૦/- |
| આંગણવાડી તેડાગર | રૂ.૨૮૦૦/- | રૂ.૪૦૦/- | રૂ.૩૨૦૦/- |
| મીની આંગણવાડી કાર્યકર | રૂ.૩૨૦૦/- | રૂ.૪૦૦/- | રૂ.૩૬૦૦/- |

આ માટેના સને વર્ષ ૨૦૧૭-૧૮ના સુધારેલ અંદાજપત્રમાં નીચેની શરતોને આધિન ખર્ચ કરવાનો રહેશે.

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ તા.૦૧/૧૦/૨૦૧૭થી નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રિય જોગવાઈ કરાવી લેવાની રહેશે. આ યોજનાનો ખર્ચ સને ૨૦૧૭-૧૮ના વર્ષમાં તથા સુધારેલ અંદાજમાં કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. આ જોગવાઈમાંથી જો વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે નિયત સમય મર્યાદામાં સરન્ડર કરવાની રહેશે.

(૫) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) વિભાગે રજૂ કરેલા અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઈ કરાવી લેવાની રહેશે.

(૭) આ યોજનાનો અમલ તા.૧/૧૦/૨૦૧૭થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૧૦૬ |
| મુખ્યસદર | : | ૨૨૩૬ પોષણ |
| પેટા મુખ્ય સદર | : | ૦૨- પોષણ ખાદ્ય અને પીણાની વહેંચણી |
| ગૌણ સદર | : | ૧૦૧- ખાસ પોષણ કાર્યક્રમ |
| પેટા સદર | : | ૦૧ NTR-10 આંગણવાડી કાર્યકરો/તેડાગરોને વધારાની સવલતો. |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી નાણા વિભાગની તા.૨૩/૧૦/૨૦૧૭ની તથા સરકારશ્રીની તા.૨૩/૧૦/૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

AChristian
(અંકિતા ક્રિશ્ચિયન)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી સચિવાલય, ગાંધીનગર
(૨) માન. મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) માન. રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક.)અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
(૪) માન.સંસદીય સચિવશ્રી(મ.બા.ક.)ના અંગત મદદનીશ બ્લોક નં.૨/૫મો માળ, સચિવાલય, ગાંધીનગર.
(૫) માન. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
(૬) અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
(૭) અગ્ર સચિવશ્રી,(આયોજન)ના નાયબ સચિવ, સામાન્ય વહીવટ વિભાગ સચિવાલય ગાંધીનગર
(૮) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
(૯) નિયામકશ્રી(આઇસીડીએસ),કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૧૦) જિલ્લા વિકાસ અધિકારીશ્રી સર્વે જિલ્લા પંચાયત ની કચેરી
(૧૧) પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) સર્વે જિલ્લા પંચાયત ની કચેરી
(૧૨) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય,ગાંધીનગર
(૧૩) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
(૧૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
(૧૫) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
(૧૬) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ/શાખા સિલેક્ટ ફાઇલ